વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૫ : અંક - ૨૦ ⁎ આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ ⁎ તંત્રી : નમ્રતા બાલી ⁎ પ્રકાશન : ઑક્ટોબર - ૨૨, ૨૦૧૬

# અમદાવાદમાં 'લાલ લીટીના' વિસ્તારો વધતા જાય છે... આગેવાન બહેનોનો વલોપાત

તાજેતરમાં સ્થાનિક વર્તમાનપત્રમાં ચોંકાવનારી વિગતો જાણવા મળી. અમદાવાદ શહેરમાં દેશી દારૂના ધંધામાં ૮૦ ટકા મહિલાઓ છે. પોલીસ ચોપડે નોંધાયેલ આંકડા પ્રમાણે જોઈએ તો અમદાવાદમાં અંદાજે ૭૦૦ થી ૮૦૦ મહિલા બુટલેગરો દેશી દારૂનો ધંધો કરે છે.

આ માહિતી ચોંકાવનારી તો છે જ પણ સાથે સાથે ચિંતાજનક પણ છે. દેશી દારૂનો ધંધો ને વેચાણ મોટાભાગે શ્રમજીવી વિસ્તારમાં જ થતું હોય ને પીનાર પણ શ્રમજીવીવર્ગ જ હોય છે. શ્રમજીવી વિસ્તારોમાં જ્યારે જઈએ ત્યારે દારૂના દોઝખમાં પીડાતા પરિવારો જોવા મળે. બાળકોના નિશાળની ફી પણ દારૂમાં જતી હોય, દિવસભરની કાળી મજૂરી કરીને ઘરમાં બે પૈસા લાવતી શ્રમજીવી બહેનના પૈસા પરિવારના પેટનો ખાડો પૂરે તે પહેલાં તો પત્નીને મારીને એ પૈસા દારૂમાં લઈ જતા પતિઓની સંખ્યા ઘણી છે. આવી પરિસ્થિતિમાં પણ શ્રમજીવી બહેનો ટકી રહે છે.આકરી મહેનત કરીને પણ બાળકોને નિશાળ મૂકે છે.પતિનો માર ખાય છે પણ બાળકોના પેટ ભરે છે.

પણ આ શું ? હવે આ શ્રમજીવી હાથ પણ દારૂના ધંધામાં જોતરાવા માંડ્યા ! અખબારના આ સમાચારના તથ્યો સુધી પહોંચવા 'સેવા'ના આગેવાન બહેનો, સભ્યબહેનો અને કાર્યકર્તા બહેનો સાથે ચર્ચા કરી. બહેનોએ એક પછી એક વિસ્તારની વાતો કરી તેનાથી તો લાગે કે આ દારૂ તો આખે આખા સમાજને જ ખાઈ રહ્યો છે. જો કે આ પરિસ્થિતિ સુધી પહોંચવા માટે જવાબદાર પરિબળો કયા છે તે જાણવું વધુ જરૂરી છે.

શ્રમજીવી બહેનોને આ સ્થિતિ સુધી લઈ જવા માટે આપણું જાતિગત સામાજિક માળખું અને આર્થિક અસમાનતા જવાબદાર છે. સામાજિક સુરક્ષાનો અભાવ અને શૈક્ષણિક સગવડોની અસમાનતાને નજરઅંદાજ ના કરી શકાય. બહેનો વિતક કથા આ પૂરવાર કરે છે.

## અંતરનું કોડિયું પ્રગટે

સમય ઝડપથી પસાર થાય છે અને આ દિવાળીનો ઝગમગાટ આંજી દેતો હોય છે પણ ખરી દિવાળી તો, એવું કોડિયું પ્રગટાવીએ કે જેનાથી ગરીબ શ્રમજીવીની જીંદગી ઉજળે...

વેચનારા પાસેથી ભાવ-તાલ ના કરીએ કે પછી ઘરનો કચરો, કચરો વીણનારને આપીએ. દેશમાં ઉત્પાદિત થતાં કપડાં વસ્તુઓ પહેરીએ જેથી ખેડૂત સ્વમાનભેર જીવી શકે.

આ સ્વમાનનું કોડિયું અંતરમનમાં પ્રગટાવીને દિવાળી ઉજવીએ.

અમારા સહુ શ્રમજીવીબહેનો તરફથી સહુને દિવાળી અને નવવર્ષની શુભેચ્છાઓ...

દેશીદારૂના કામમાં જોડાયેલા એક શ્રમજીવી બહેને નાછૂટકે આ ધંધો શરુ કર્યો. પતિને ટીબી થયો. બાળકો નાના હતા. કમાનાર હાથ પથારીમાં પડ્યા. મહેનત કરે તો પણ ઘરનું માંડ પૂરું થાય. બાળકોનું શિક્ષણ અને પતિની સારવારનું શું ? આવક વધારવા માટે દારૂનો ધંધો જ સગવડિયો લાગ્યો.

સવાલ પૂછીએ તો બહેનોનો ગુસ્સો પણ સામે એટલો જ હોય. આગેવાન બહેનો કહે, અમે સમજાવીએ તો સામે તાડૂકીને કહે, લો છોડી દઇએ આ ધંધો. પણ સામે શું ? શું આ પહેલાં અમે મજૂરી નહોતા કરતા ? ૧૦-૧૨ કલાક કામ કરીએ ત્યારે માંડ ૨૦૦/- રૂા.મળે ને એમાં ઘર કેમ ચાલે ? આ ધંધામાં તો ૨ કલાકમાં ૨૦૦૦/- રૂા.મળી જાય. આ પહેલાં કોઇ અમને રંજાડે ને પોલીસ સ્ટેશને જઇએ તો કોઇ સાંભળે પણ નહીં ને આ ધંધામાં પોલીસને પણ પૈસા ધરીએ એટલે ચૂપ થઇ જાય.

અમદાવાદના એક શ્રમજીવી વિસ્તારમાં બહેન ખાટલો ઢાળે ને ખાટલાની નીચે આગળ પાણીના પાઉચ રાખે ને પાછળ દારૂની પોટલીઓ હોય. લોકો આવે ત્યાં ઊભા ઊભા જ દારૂ પીએ ને નીકળી જાય.

અમદાવાદના જ બીજા એક શ્રમ વિસ્તારમાં તો ધોળે દા'ડે જાણે મેળાવડો હોય એવું જ લાગે. કહેવાય છે કે એકાદ લાખ તો પોલીસને જ ભરણું જાય છે. પોલીસ પણ આંખ આડા કાન કરે ને ધંધો પણ ધમધોકાર ચાલે.

આ ધંધામાં જોડાયેલી બહેનોની વયમર્યાદા વિશે વાત કરી તો જાણવા મળ્યું કે મોટેભાગે ૪૦-૫૦ વર્ષ વચ્ચેની બહેનો આ કામમાં છે. ઘણી જગ્યાએ બહેનો સક્રિય ના હોય પણ ભાઇઓ બહેનોને આગળ કરીને ધંધો કરતા હોય છે. અમદાવાદના અમુક વિસ્તારો એવા છે કે જ્યાં પોલીસ પણ જવાનું ટાળે છે. અમદાવાદમાં વધતી અસલામતી જોઇને ઘણાં આગેવાનો કહે છે કે, મુંબઇ જેવા શહેરોમાં કે જ્યાં ખુલ્લેઆમ મારામારી થાય છે ને તમંચા ઉપાડે છે એવું જ અમદાવાદ શહેરમાં પણ થાય તો નવાઇ નહીં.

બહેનો પાસેથી મળેલી માહિતી અનુસાર ઘણીવાર એક જ જગ્યાએ બધો જ માલ રાખવો જોખમકારક હોય છે તેવા સમયે થોડો થોડો માલ વિસ્તારમાં જ અલગ અલગ ઘરમાં સંતાડવામાં આવે. એના બદલામાં અમુક નક્કી કરેલી રકમ આપી દેવામાં આવે. આમ, સીધી રીતે દારૂ વેચતા ના હોય પણ આડકતરી રીતે દારૂના ધંધામાં જોડાયેલા પરિવારોની સંખ્યા પણ ઘણી છે.

જ્યાં ખુલ્લેઆમ દારૂ વેચાય છે ત્યાંના રહીશોની હાલત કફોડી હોય છે. દારૂની સાથે-સાથે જૂગારના અડ્ડા પણ ફૂલ્યા ફાલ્યા હોય છે. આવી પરિસ્થિતિમાં બહેન-દીકરીઓની સલામતી જોખમાય છે. એકવાર ચાલીની કેટલીક બહેનોએ ભેગા થઇને દારૂનો અડ્ડો ચલાવનાર સામે નનામી અરજી કરી. પોલીસે દારૂના અડ્ડાવાળાને તો કાંઇ ના કર્યું પરંતું અડ્ડાના ગુંડાઓ આવીને ચાલીમાં જોરજોરથી ગાળો બોલવા લાગ્યા. બહેનો ડરીને ઘરમાં સંતાઇ ગયા. એક બહેનના દીકરાને ઉઠાવીને લઇ ગયા, માર મારીને છોડી મૂક્યો. હવે બહેનો બોલવાની હિંમત પણ કેવી રીતે કરે ?

દારૂ વેચનાર બહેનો સાવ ત્રાસીને આ ધંધો કરતાં હોય એવું પણ જાણવા મળ્યું. બહેનો કહે, સરકાર આ મોટા મોટા ગુંડાઓને કેમ કાંઇ નથી કરતા ? અમારી રોજગારીના પૂરતા પૈસા અમને મળે નહીં, અમારી સામાજિક સલામતી ના હોય, અમારી કાયમી રોજગારી ના હોય. એટલે ના છૂટકે આ કામમાં જોડાઇએ છીએ.અને જ્યારથી આ ધંધો કરીએ છીએ ત્યારથી જાણે ધાક વધી હોય એવું લાગે છે. આ બધી પૈસાની જ ગરમી છે. પૈસો હોય તો કોઇ નામ લેતું નથી. શ્રમજીવી બહેનોમાં આવી લાગણી આવે, આ પ્રકારના કામો સાથે જોડાય તે સમાજ અને સરકાર બંને માટે એક લાલ બત્તી છે. બહેનો શ્રમને નહીં પણ પૈસાને પાવર સમજે તે દુઃખની વાત કહેવાય.

આની સાથે-સાથે ઘણાં વિસ્તારોમાં બહેનોએ પોતાની ઇજ્જત અને બાળકોના ભાવિને ધ્યાનમાં રાખીને દારૂના ધંધાને તિલાંજલી પણ આપી છે.

અમદાવાદ શહેરના એક શ્રમજીવી વિસ્તારના શ્રમિક બહેન દારૂનો ધંધો કરતા હતા. વર્ષો સુધી ધંધો કર્યો ને પછી એમાં સતામણી પણ થાય.બહેન અંદરથી ત્રસ્ત હતા અને તેમાં બહેન પાસામાં પકડાયા.એમની અંદરની શ્રમજીવી સ્ત્રી જાગી ઉઠી. બહેને દારૂના ધંધાને કાયમ માટે તિલાંજલિ આપી. હાલ આ શ્રમજીવી બહેન સિલાઇકામ કરે છે. બહેનોના મંડળો બનાવી તેમને બેંકમાંથી લોન અપાવવામાં મદદ કરે છે.

બીજા એક શ્રમજીવી બહેને પણ દીકરીઓ મોટી થતાં તેમની ચિંતા થવા માંડી. દીકરીઓના સગપણ ગોઠવવામાં વાર લાગવા માંડી એટલે એમણે દારૂનો ધંધો બંધ કર્યો,ને ફરી પોતાના મૂળ કામે વળગ્યા. આવા ઉદાહરણ પરથી એટલું તો કહી શકાય કે શ્રમજીવી બહેનોની અંદરનો શ્રમિક જીવ એમને તો પોકારે જ છે, જરૂરી છે શ્રમના હાથમાં શ્રમનું પૂરતું વળતર મળે.

*શ્રમજીવી બહેનોને આ સ્થિતિ સુધી લઇ જવા માટે આપણું જાતિગત સામાજિક માળખું અને આર્થિક અસમાનતા જવાબદાર છે. સામાજિક સુરક્ષાનો અભાવ અને શૈક્ષણિક સગવડોની અસમાનતાને નજરઅંદાજ ના કરી શકાય.*

*લો છોડી દઇએ આ ધંધો. પણ સામે શું ? શું આ પહેલાં અમે મજૂરી નહોતા કરતા. ૧૦-૧૨ કલાક કામ કરીએ ત્યારે માંડ ૨૦૦/- રૂા.મળે ને એમાં ઘર કેમ ચાલે ? આ ધંધામાં તો ૨ કલાકમાં ૨૦૦૦/- રૂા.મળી જાય. આ પહેલાં કોઇ અમને રંજાડે ને પોલીસ સ્ટેશને જઇએ તો કોઇ સાંભળે પણ નહીં ને આ ધંધામાં પોલીસને પણ પૈસા ધરીએ એટલે ચૂપ થઇ જાય.*

ગુજરાતની દારૂબંધીની વાત ચાલી રહી છે ત્યારે બિહાર રાજ્યના ક્રાંતિકારી પગલા તરફ પણ ધ્યાન દોરવું રહ્યું. બિહારની તાજેતરની ચૂંટણી પહેલાં ખાસ કરીને શ્રમજીવી બહેનોની દારૂબંધીની માંગણીને નિતિશકુમારે ચૂંટણી ઢંઢેરાનો એક ભાગ બનાવ્યો. ચૂંટણી પરિણામ પછી મુખ્યમંત્રીએ ચૂંટણી ઢંઢેરામાં દર્શાવેલ દારૂબંધીનું અમલીકરણ પણ કર્યું. અને આ રીતે બિહાર રાજ્ય દારૂમુક્ત રાજ્ય જાહેર કરવામાં આવ્યું. આ રીતે શ્રમજીવી બહેનોનું જીવન સરળ બન્યું. દારૂમાં પૈસા લુટાવતા પુરૂષો ઘરમાં ધ્યાન આપશે અને બહેનોની મહેનતના પૈસા દારૂમાં નહીં બરબાદ થાય એવી આશા બંધાઇ.

જો કે થોડાં સમય પહેલાં બિહારમાં દારૂ બાનના કાયદાને એક પૂર્વ સૈનિકે પટણા કોર્ટમાં પડકાર્યો. જાહેરહિતની અરજીમાં જણાવ્યા પ્રમાણે રાજ્ય સરકારનો આ નિર્ણય માનવઅધિકારનો ભંગ કરે છે. એક નાગરિક તરીકે શું ખાવું કે પીવું તે વ્યક્તિગત બાબત છે. આ સાથે માર્ચમાં જાહેર કરવામાં આવેલ એક્સાઇઝ કાયદાના આર્ટિકલ ૧૪,૧૯,૨૧, ૨૨ને પણ પડકારવામાં આવ્યા. જો કે સુપ્રીમ કોર્ટે હાઇકોર્ટના આદેશ પર રોક લગાવી છે. અને બિહાર સરકારે જાહેર કરેલ દારૂબંધીના કાયદાને પુનઃ લાગુ કરવામાં આવ્યો છે.

જો કે ગુજરાતની પરિસ્થિતિ જોતા બિહારની દારૂબંધી ખરા અર્થમાં દારૂબંધી બની રહે તે જરૂરી છે. જે શ્રમજીવી બહેનોએ દારૂથી ત્રસ્ત થઇને દારૂબંધીની માંગ કરી છે તે બહેનોને પ્રવર્તમાન સમય સામે લડવાની ક્ષમતા મળે તેવી આશા રાખીએ.

''બહેનો ફરી પાછા ઘરમાં તો નહીં પૂરાઇ જાય ને ?'' ચર્ચામાં બહેનોને એક બીજો સવાલ મુંઝવતો હતો. પહેલાંના સમયમાં બહેનોને ઘરની બહાર નીકળવાની મનાઇ હતી. સમય બદલાયો અને બહેનો સમાજમાં પોતાનું સ્થાન જમાવતા થયા. પણ, હવે જાણે ફરી સમાજમાં આતંક ફેલાઇ રહ્યો હોય એવું લાગી રહ્યું છે. ચાલીઓમાં દારૂના અડ્ડાઓએ તો જાણે માઝા મૂકી છે. રોજના ઝઘડા-ટંટા-ફસાદ ચાલુ જ હોય છે. દીકરીઓનું ઘરમાંથી બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે. બહેનોની હિંમત પણ જાણે ઓછી થતી જાય છે. બહેનોનું આત્મહત્યાનું ને દારૂના ધંધામાં જોતરાવાનું ય પ્રમાણ વધ્યું છે. આ પરિસ્થિતિમાં નુકસાન તો બહેનોનું જ થવાનું ને ? શું ફરીથી બહેનોને ઘરની ચાર દીવાલોમાં ગોંધાઇ રહેવાના દા'ડા તો નહીં આવે ને ?

*"સરકાર આ મોટા મોટા ગુંડાઓને કેમ કાંઇ નથી કરતા ? અમારી રોજગારીના પૂરતા પૈસા અમને મળે નહીં, અમારી સામાજિક સલામતી ના હોય, અમારી કાયમી રોજગારી ના હોય. એટલે ના છૂટકે આ કામમાં જોડાઇએ છીએ. અને જ્યારથી આ ધંધો કરીએ છીએ ત્યારથી જાણે ધાક વધી હોય એવું લાગે છે. આ બધી પૈસાની જ ગરમી છે. પૈસો હોય તો કોઇ નામ લેતું નથી." શ્રમજીવી બહેનોનો વલોપાત.*

જો આવું થશે તો સમાજમાં અરાજકતા વધશે, બેરોજગારી વધશે, બાળકો અનાથ થશે ને સ્ત્રીઓની અસલામતી વધશે...

બહેનોના આ સવાલોનો જવાબ આપવો અઘરો થઇ પડે છે. ''શું ખરેખર શ્રમના હાથમાંથી શ્રમ છીનવાઇ જશે ?'' જવાબ ક્યાં ?...

*- લીના*

❑

# એક પોષક અર્થતંત્ર : સ્વરાજનો પથ

મહાત્મા ગાંધી જ્યારે દક્ષિણ આફ્રિકાથી પરત આવ્યા ત્યારે તેમને મુંબઇના રાજ્યપાલ તરફથી આમંત્રણ મળ્યું. સ્વાભાવિક છે કે તેમણે સત્યાગ્રહ વિશે વાત કરી હતી. મુંબઇના રાજ્યપાલે પ્રતિભાવમાં કહ્યું, તમે ભલે સત્યના હિમાયતી હો પણ અંતમાં તો તાકાતની સાથે સત્યનો તાલમેલ શક્ય નથી. ગાંધીજીએ પ્રત્યુત્તર આપતા જણાવ્યું,જો આપણે બંને જીવિત હઇશું તો સત્યની તાકાત પર જીત થતી જોવા મળશે.૩૦ વર્ષ પછી જ્યારે અંગ્રેજોની ગુલામીથી ભારતને મુક્તિ મળી ત્યારે ગાંધીજીનું આ વાક્ય સત્ય સાબિત થયું. સત્યાગ્રહ અને સ્વરાજ આઝાદીના સાબદા હથિયાર સાબિત થયા. આજે આપણે સ્વરાજના સમકાલીન સૂચિતાર્થ જોઇશું.

જુલાઇ ૨૦૦૮માં હું જોહનિસબર્ગ જઇ રહી હતી ત્યારે સફરમાં ગાંધીજી લિખિત પુસ્તક હિન્દ સ્વરાજ મારી પાસે હતું. ડૉ. ઘનશ્યામ શાહે આ પુસ્તકની શતાબ્દિના ભાગરૂપે મને કશુંક લખવાનું સૂચન કર્યું. હિન્દ સ્વરાજ પુસ્તક ગાંધીજીએ તા. ૧૩ નવેમ્બરથી ૨૨ નવેમ્બર ૧૯૦૮ માત્ર ૧૦ દિવસમાં જ લંડનથી ડર્બન સુધીની સ્ટીમર મારફતની સફરમાં લખ્યું હતું. મેં મૂળ ગુજરાતીમાં લખેલ આ પુસ્તક વાંચ્યું હતું. પુસ્તક નાનું હતું પણ ઘણું જ ચોંટદાર હતું. સંવાદની ભાષામાં લખાયેલ આ પુસ્તકની ભાષા જલદ અને આક્રોશપૂર્ણ હતી. ૧૬૦ વર્ષ પછી પણ આ પુસ્તક વાંચતા લાગે છે કે એ મને, આપણને સહુંને સંબોધી રહ્યા છે.

સ્વરાજ શું છે ? કોઇ વ્યક્તિ આઝાદીનો આનંદ કેવી રીતે માણી શકે ? સ્વદેશી વસ્તુઓ ખરીદવા સાથે ભારતની આઝાદીને શું સંબંધ ? આઝાદીના લડવૈયા કેવી રીતે બનાય ? સાચી આઝાદીની લડતનો રાહ કેટલો સરળ અને છતાં કેટલો વિવાદાસ્પદ છે ? અને અંતમાં આપણે શું પામીએ છીએ ? ગાંધીજીનો અભિગમ વ્યાપક છે. સ્વરાજ ક્યારેય બીજાનાથી ના મળી શકે. દરેક જણે આઝાદી માટે પોતાનું યોગદાન આપવું પડે. હિન્દ સ્વરાજ પુસ્તક આપણને સાચા સ્વરાજની દિશા તરફ દોરી

જાય છે. દેશની પરિસ્થિતિ જોઇને ક્યાંક નિરાશ થતાં ગાંધીજી લખે છે કે ''હજુ આપણે સાચા સ્વરાજ માટે તૈયાર નથી. જો કે હું તો તૈયાર છું ને મારું સમગ્ર જીવન સ્વરાજની ઝંખના માટે જ વિતાવીશ''.

***આર્થિક આઝાદી :*** સમકાલીન સમયમાં મારી જાતને સ્વરાજ સાથે જોડતા હું આજથી ૪૦ વર્ષ પહેલાં સ્થાપિત 'સેવા'—સ્વાશ્રયી મહિલા સેવા સંઘ વિશે જરૂર વાત કરીશ. આજે તો 'સેવા'માં ૧૮ લાખ શ્રમજીવી સભ્ય બહેનો છે. 'સેવા' એ 'બીજી આઝાદી' માટેનો સંઘર્ષ છે. આપણી પહેલી આઝાદી અંગ્રેજોની ગુલામીમાંથી મુક્તિની હતી, જેને રાજકીય આઝાદી કહી શકાય. પરંતું આપણે હજી આર્થિક આઝાદી મેળવી શક્યા નથી. કોઇ પણ દેશ માટે રાજકીય આઝાદીની સાથે સાથે આર્થિક આઝાદી પણ એટલી જ મહત્ત્વની છે. જો દરેક નાગરિકના મન આઝાદ હશે તો આર્થિક આઝાદી મેળવવી સરળ પડશે. અને તો જ ખરા અર્થમાં આપણાં હાથમાં સ્વરાજ આવ્યું ગણાશે.

ભારતમાં સ્ત્રીઓ અને ગરીબોને મતદાનનો અધિકાર મળ્યો છે પરંતું એટલું જ પૂરતું નથી. તેમને દશ્યતા મળવી, તેમનો અવાજ બહાર આવવો તેમજ તેમની ઓળખ ઊભી થવી જરૂરી છે. તેમને નવી વસ્તુઓ શીખવાની ધગશ છે. દલિત, આદિવાસી અને લઘુમતી જાતિના લોકોને હાંસિયામાં રહેવું નથી. તે મુખ્યપ્રવાહ સાથે જોડાવા માંગે છે. આઝાદીની ખુલ્લી હવામાં વિહરવા માંગે છે. ભારતનો દરેક નાગરિક આઝાદીનો ઉન્માદ માણી શકે તે જરૂરી છે.

***વાસ્તવિકતા :***પણ આપણા દેશની વર્તમાન વાસ્તવિકતા શું છે ? આપણે રાજકીય આઝાદી તો મેળવી ચૂક્યા છીએ પરંતું શું ભારતનો દરેક નાગરિક આઝાદ છે ? આઝાદીના સૈકાઓ વીત્યા છતાં પણ ગરીબી નાબૂદ કરી શક્યા નથી, અસમાનતાના નવા નવા રૂપો જોવા મળી રહ્યા છે, સ્ત્રી-પુરૂષોના હાથમાં ઉત્પાદકીય કામ નથી, શિક્ષણનો વ્યાપ વધ્યો છે પણ સાથે-સાથે બેરોજગારી પણ એટલી જ વધી છે, આપણી પાસે તબીબની સંખ્યા તો વધી છે પરંતું રોગો સામે નાથી શક્યા નથી. જાતિ, ધર્મ, વર્ગ, ભાષા, પ્રાંત, સીમાઓ વચ્ચેના વર્ગવિગ્રહ વધ્યા છે અને એ હિંસામાં પરિણમે છે. ઘણાં ઉદ્યોગો મૃતઃપ્રાય થયા છે તો સામે બીજા ઉદ્યોગોનું નિર્માણ કરી શક્યા નથી. ગામડાંઓ નબળા પડતા ગયા અને શહેરોનો વિકાસ થતો ગયો. માનવધન શહેરી મજૂરવર્ગમાં પરિવર્તિત થતું ગયું અને યુવાનો હિંસા અને ખુનામરકી તરફ વળ્યા. દેશ પશ્ચિમી સંસ્કૃતિના રંગે રંગાવા લાગ્યું. દેશ વિદેશી મૂડી અને વૈશ્વિક વ્યપારના નામે દેશનું વેપારીકરણ થવાની ભીતિ વધી રહી છે. જો આ આપણી વાસ્તવિક પરિસ્થિતિ હોય તો શું આને આપણે સ્વરાજ કહી શકીશું ? જે પોતે જ ડૂબતા હોય તે બીજાને બચાવી શકશે ? હું સ્ત્રીઓ સાથે કામ કરું છું ને એમની સ્વરાજ માટેની લડત જોઇને મારી આશા બંધાય છે.

સંગઠન સ્વરાજ માટેનો રાહ છે. હું મારી આજુબાજુની ગરીબ સ્ત્રીઓને તેમના રોજીંદા જીવનની ઘટમાળમાં સ્વરાજ માટેની લડાઇ લડતા જોઇ રહી છું ને અને દિવસે-દિવસે આ ગરીબ સ્ત્રીઓ પર મારી આસ્થા વધતી જાય છે. જ્યારે સ્ત્રીઓ સંગઠિત થાય છે, એક આદર્શ જીવન સ્થાપિત કરે છે. પોતાના ઘરની માલિકી, જમીનના ટૂકડાની માલિકી અને જંગલ પર અધિકાર સ્થાપિત કરે છે તે જ સ્વરાજના મીઠા ફળનો લ્હાવો છે. તે કામ માટે વિશાળ ફલક પર જઇ શકે છે, તે શોષણખોર સામે નજર મિલાવી શકે અને પોતાનો અવાજ બુલંદ કરી શકે. આ જ સ્ત્રીઓ આપણને સાચા સ્વરાજના પથ ભણી દોરી જઇ શકે છે.

***'સેવા'નો અનુભવ :*** હું કોઇ પણ પ્રકારના ખચકાટ વિના કહી શકું છું કે 'સેવા'નો કપરો કાળ આ પ્રકારના કાલ્પનિક આવરણો દૂર કરી શિક્ષણ દ્વારા સશક્ત કરવાના પ્રયાસનો રહ્યો. 'સેવા'નો લાંબો સમય આ માનસિકતાને નેસ્તનાબૂદ કરવામાં ગયો અને આવા તત્ત્વો તો અગણિત હતા. અને એટલે જ ગરીબ સ્ત્રીઓની કપરી મહેનત પછી પણ ગરીબીએ એમનો પીછો છોડ્યો નહીં. આવું કેમ ? શું આપણાં નીતિવિષયક નિર્ણાયકો, રાજનેતાઓ, શિક્ષણશાસ્ત્રીઓ, આંકડાશાસ્ત્રીઓ, સિધ્ધાંતવાદીઓ મુર્ખ છે કે પછી દેશના ચોક્કસ વર્ગના લોકોના હાથમાં દેશની સંપત્તિને બાંધી રાખવાનું ષડયંત્ર છે ? આપણી શિક્ષણ પ્રણાલિમાં મૂળભૂત દોષ છે ? આ તે કેવી વાસ્તવિકતા કે વસતી ગણતરીના આંકડા દર્શાવે છે કે ૯૦ ટકા લોકો ગરીબ છે, કામદારવર્ગને બિનકામદાર દર્શાવે છે ?! દેશની મોટાભાગની વસતી સ્વરાજની પરિભાષાની બહાર છે તેમ કહેવું જરાય અતિશયોક્તિ નથી.

ગાંધીજીએ ખાદી, ગ્રામ્યોદ્યોગ, પંચાયત અને ટ્રસ્ટીશીપનો નિર્દેશ કર્યો છે. તે માનતા હતા કે ભારત સ્થાનિક — સીમાંત ઉદ્યોગ, લોકશાહી અને ગતિશીલ આ અભિગમ કેળવશે તો જ એક આદર્શ દેશનું નિર્માણ થઇ શકશે.

હું તમારી સાથે 'સેવા'ની થોડીક ગાથા રજૂ કરીશ. વનલક્ષ્મી એ ગુજરાતના મહેસાણા જિલ્લાની જમીન વિહોણી દલિત સ્ત્રીઓની સહકારી મંડળી છે. ભૂતકાળમાં આ વિસ્તારમાં જમીન માલિકી માટે ઘણી હિંસા સર્જાઇ હતી. આજે આ સહકારી મંડળીએ પંચાયત પાસેથી ભાડાપટ્ટે જમીન મેળવી અને ખેતઉત્પાદન કરે છે. બહેનો વરસાદી પાણીનો સંગ્રહ કરે છે, શાકભાજી, ફળો, આયુર્વેદિક દવાઓ ઉગાડે છે અને તેનું વેચાણ કરી કાયમી આવક મેળવે છે. તેમના નેતા શાન્તાબેન ગર્વથી કહે છે, અમે જ મેનેજર છીએ, અમે જ કામદાર છીએ, અમે જ માલિક છીએ અને અમારી જમીનના અમે જ લાભાર્થીઓ છીએ.

બનાસકાંઠા જેવા સૂકા પ્રાંતમાં જમીન માલિકી લેવી કપરું કામ છે. આ પ્રાંતની બહેનોની લડાઇ કપરી હતી. બહેનોએ પાણીસમિતિઓ બનાવી અને ગામમાં પાણી લાવવાની મૂહેમ ચલાવી ને ગામોમાં પાણી લઇ આવ્યા. હજારો છોડ ઉગાડ્યા ને સૂકાપ્રદેશને હરિયાળો બનાવ્યો. આ સાથે બહેનોએ પોતાની પરંપરાગત કળા ભરતકામ પર હાથ અજમાવ્યો. ને એના ફળસ્વરૂપે તેમની હસ્તકળા સ્થાનિક બજારની સાથે સાથે તેમની કંપની હંસીબાનું નિર્માણ થયું જેના શૉરૂમ દિલ્હી અને મુંબઇ જેવા

શહેરોમાં પણ સ્થાપિત છે. તે તેમની ખેતપેદાશ જેવી કે જૂવાર, બાજરી, જીરુ, તલ, મરચા, મીઠું, કુદરતી ખાતર, રોપા, હેન્ડલુમના ઉત્પાદનને રૂડીના નામે સ્થાનિક બજારમાં વેચે છે. આવા સાહસો સ્થાનિક અર્થતંત્ર અને સ્થાનિક બજારોને સશક્ત કરે છે. આ બહેનોની સશક્ત નેતાગીરી અને ઉત્પાદકીય અભિગમથી જ શક્ય બન્યું છે. શું પુરૂષોમાં આટલી ધીરજ અને ખંત હોઈ શકે છે ? પરંતું સ્ત્રીઓમાં સ્થિરતા અને રોજબરોજના સંઘર્ષો માટે પરિપકવ હોય છે. રોજે રોજની લડાઇઓમાંથી મળતી આ નાની નાની જીત મોટા યુધ્ધથી ઘણી મોટી છે.

'સેવા'ની બહેનો સ્વરાજ વિશે શું વિચારે છે ? જ્યારે મેં તેમને પૂછ્યું કે સ્વરાજ શું છે ? તો મને એના ઘણાં ઉત્તર મળ્યા. હું જ્યારે કામ કરતી હોય ત્યારે કોઇ મને હસ્તક્ષેપ ના કરે ત્યારે હું મારી જાતને આઝાદ અનુભવું છું. જ્યારે મને રોજ સ્વચ્છ કપડાં પહેરવા મળે. જ્યારે મને બંધ બારણે ન્હાવા મળે. હું મારી પોતાની આવકથી મારાં બાળકોને ભણાવી શકું. જ્યારે હું પોલીસ કે ગામના મોભી સામે આંખ મિલાવીને વાત કરી શકું. ડરથી આઝાદી એ જ સ્વરાજ. જ્યારે લોકો બીજાના જીવન પર અંકુશ લગાવે છે ત્યારે સ્વરાજ જોખમાય છે.

જ્યાં જ્યાં બહેનો સંગઠિત થઇ અન્યાય સામે અવાજ ઉઠાવ્યો છે ત્યાં ત્યાં અહિંસક લડત જોવા મળી છે. તેમણે ઉંચા મૂલ્યો સ્થાપિત કર્યા છે, તેમણે સમાજનું નિર્માણ કર્યું છે, તે સ્વનિર્ભર બન્યા છે, તેમણે મંડળો બનાવ્યા છે, તે પંચાયતી રાજ સાથે જોડાયા છે, તેમણે રોપા ઉચેર્યા છે, વૃક્ષો વાવ્યા છે, પોતાના બાળકોના શિક્ષણ માટે અડગ બન્યા છે, કોઇ પણ પ્રકારની આપદામાં તે એકજૂટ રહ્યા છે. અને આ બધી લડાઇ શાંતિપૂર્ણ અને અહિંસક રાહે જ લડે છે.

તો પ્રવર્તમાન સમયમાં દેશના આર્થિક નિર્માણ માટે આપણે શું કરી શકીએ ?

આપણી પાસે બધાં પ્રકારના સંસાધનો છે પરંતુ દેશમાંથી ગરીબીને નેસ્તનાબુદ કરવાનું અને વિશ્વમાંથી અસમાનતા દૂર કરવાનું કોઇ ચોક્કસ સંસ્થાકીય માળખું નથી. આપણી પાસે એટલાં સંસાધનો તો છે જ કે જેનાથી આપણે આપણી આવનાર પેઢી માટે એક સમૃધ્ધ વિશ્વ મૂકી જઇ શકીએ. આપણાં વડવાઓ કુદરત સાથે જીવતા હતા. આપણે માત્ર નાણાંકીય સ્થિરતા જ નહીં પરંતુ સાથે સાથે કુદરતી સંસાધનો અને પર્યાવરણની સ્થિરતા વિશે પણ વિચારવું પડશે. આપણે સમાજ, નીતિમત્તા અને બહોલ્રા પરિપ્રેક્ષ્યમાં વિચારવું પડશે. માત્ર નાણાંકીય વિચાર એ સ્વાર્થભર્યો ગણાશે.

આપણાં માતાપિતા આપણને પાળીપોશીને મોટા કરે છે જેથી આપણે આ વૈવિધ્યસભર વિશ્વમાં વિકસી શકીએ. સાથે જ બીજા બધા જ સજીવો પણ પોતાના બાળકોની દેખભાળ કરી તેમના વર્તમાન અને ભવિષ્યનો ખ્યાલ રાખે છે. આવું કરવું તેમના માટે સહજ અને કુદરતી છે. પરોપકારકવૃત્તિ એ આપણાં લોહીમાં છે. બસ, તેને આપણાં વિચાર અને કાર્યોમાં વ્યક્ત કરવાની જરૂર છે. ચાલો આજે ઇમાનદારીથી આપણી જાતને પૂછીએ : આ આપણે શું કરી રહ્યા છીએ ? આપણાં જીવન અને આજીવિકાની દેખભાળ કરી રહ્યા છીએ કે તેને નષ્ટ કરી રહ્યા છીએ ? શું આપણે આપણાં પ્રશ્નોનો ઇમાનદારી અને નિખાલસતાથી જવાબ આપી શકીશું ?

***અર્થવ્યવસ્થા સંપોષક હોય :***પોષક અર્થતંત્રના નિર્માણ માટે આપણી વિચારવાની પધ્ધતિ, આપણું વર્તન, રીતભાત, આપણી એકબીજા સાથે તેમજ પ્રકૃતિ સાથેના સંબંધોમાં મોટું પરિવર્તન લાવવાની જરૂરિયાત છે. આપણે આ ચેતનાના આધાર અને તેના માટે જરૂરી એવા સંસ્થાકીય માળખાનું નિર્માણ કરવું પડશે કે જે લોકો,સમાજ અને આ ધરતીમાતાની દેખભાળ કરી શકે. મને એ કહેવામાં જરાય સંકોચ નથી કે અર્થતંત્રની દેખભાળ કરવા માટે જમીન, પાણી, મિલકત, તકનીકી શિક્ષણ, ઉત્પાદક અને ઘરખાતાના કામોની ઉત્પાદકીય ગણતરી અને સમાન વિતરણ તેમજ બીજા ઘણાં એવા આર્થિક-સામાજિક ક્ષેત્રોમાં સ્ત્રીઓની સહભાગીદારી અને હસ્તક્ષેપની જરૂર પડશે.

આર્થિક આયોજનનો ઉપયોગ સ્થાનિકસ્તરે એક શક્તિશાળી, બહુમુખી સાધન તરીકે કરવો પડશે, જેમાં બચતનો ઉપયોગ, જીવન, આરોગ્ય, જીવનનિર્વાહ, વીમો, નાણાં, પરિવહન, ચૂકવણીઓ, પેન્શન, ઉત્પાદકતા, માલિકી, વતનથી ફરજીયાત સ્થળાંતરણ અટકાવવું, લોકો તેમજ સમાજનું જીવનધોરણ ઉચું લાવવું સાથે-સાથે ધરતીની સંપદાને જાળવી રાખવી વગેરેનો સમાવેશ થાય છે. અને તે ઉપરાંત આપણે શિક્ષણ દ્વારા પોષક અર્થતંત્રના વિચારને મનમાં વસાવવાની જરૂર પડશે.

***નવા પડકારો એ જ નવી તકો :***મારા યુવા મિત્રો, આપણી સમક્ષ અજાણ્યા વિસ્તારોમાં આર્થિક અને વ્યાપારી તકોની શોધ કરવાનો પડકાર છે. ચાલો આપણે એવા ઉપાય શોધીએ કે જેથી વૃક્ષો કાપવા કરતા તેને વાવવા વધુ નફાકારક બને. ચાલો પુનઃનિર્માણ કરતા પુનઃઉપયોગ (રિસાઇકલ) વધુ ફાયદાકારક બનાવીએ. ભૂગર્ભ જળને ખેંચી કાઢવા કરતા વરસાદી પાણીનો સંગ્રહ કરી વધુ લાભકારક બનાવીએ. ચાલો ખાનગી સંપત્તિના નિર્માણની સાથે-સાથે સંપત્તિના સામાજિક આધિપત્યને પ્રેરણા આપીએ. મારો વિશ્વાસ કરો કે પૂરતી તક મળે તો સહકારની ભાવના સાથે પણ તંદુરસ્ત સ્પર્ધા જેટલા જ નફાનું નિર્માણ થઇ શકે છે. આ અર્થ છે 'પોષક અર્થતંત્ર નિર્માણ' કરવાનો.

સાચુ પરિવર્તન લોકોથી જ આવવું જરૂરી છે. સાચા અર્થમાં જ્યારે લોકો અને સમુદાય પોતાના માળખા ઊભા કરે, મિલકત ઊભી કરે ને તેમની માલિકી જળવાય, લોકો સશક્ત બને, દરેકને સામાજિક સુરક્ષા મળી રહે, સહુની સહિયારી ભાગીદારી રહે અને દરેકનો અવાજ બુલંદ બને તો જ એક શ્રેષ્ઠ ગતિશીલ પોષક વિશ્વનું નિર્માણ શક્ય બને. અને તો જ આપણે સાચા સ્વરાજ, આઝાદી અને સ્વનિર્ભરતાનો આનંદ માણી શકીશું.

- ***( પંજાબ યુનિર્વસિટીના વિદ્યાર્થીઓને ઈલાબહેનું સંબોધન)***

❑

## *ગ્રામીણ બહેનોની mBacht ને મળ્યો એવૉર્ડ*

તારીખ ૨મી સપ્ટેમ્બરના રોજ એમ બચતને ગુજરાત ઇલેક્ટ્રોનિક અને સોફ્ટવેર ઇન્ડ્સ્ટ્રીઝ એશોસિએશન (GESIA) દ્વારા જીસીઆ આઇ.ટી. એવોર્ડ આપવામાં આવ્યો. ૧૦ એવોર્ડ કેટેગરી માટે ૨૦૦થી પણ વધારે નોમીનેશન આવેલા, જેમાંથી બેસ્ટ આઇ.સી.ટી. સોલ્યુશન ઑર પ્રોડક્શન ઇન સી.એસ.આર.ની કેટેગરીમાં ‘સેવા’ના એમ બચતને એવોર્ડ મળે છે.

‘સેવા’એ બેંગ્લોર સ્થિત સાસ્કેન ટેકનોલોજી સાથે રહીને એમ બચત એપ્લીકેશન તૈયાર કરેલ છે.એમ બચતનો હેતુ મોબાઇલ ટેકનોલોજીને સભ્યો સુધી લઇ જઇ, તેમની સાથેના નાણાંકીય વ્યવહારોને ઓછા સમય, શ્રમ અને ખર્ચ સાથે છતા ચોકસાઇથી કરવાનો છે. હાલમાં ‘સેવા’ના જીલ્લા એસોસિએશનોમાં ચાલતી બચત ધિરાણની પ્રવતિ અને તેને લગતા સભ્યો સાથેના નાણાંકીય વ્યવહારો અને હિસાબની માહિતી મોબાઇલ/ટેબ્લેટની મદદથી એમ બચત દ્વારા લેવામાં આવે છે. હાલમાં એમ બચતનો ઉપયોગ ૭ જિલ્લામાં ૨૦૦૦થી પણ વધારે બચત મંડળોની (૩૦,૦૦૦ હજારથી પણ વધારે સભ્યોની) બચત એકઠી કરવા તથા તેના હિસાબો રાખવા માટે ઉપયોગ થઇ રહી છે. એમ બચતના ઉપયોગથી ગામડાઓમાં બચત મંડળો તથા સભ્યો પાસથી બચત એકઠી કરવાના સમય, ખર્ચ તથા શ્રમમાં ૫૦ થી ૬૦ % સુધીનો ફાયદો થયો છે. આ બચાવેલ સમય અને શ્રમનો ઉપયોગ વધુ બચત મંડળો બનાવવામાં તથા વધુ સભ્યો સુધી બચતના ફાયદા પહોંચાડવામાં તથા સભ્યોને વધુ સારી સેવાઓ પૂરી પાડવામાં થઇ રહ્યો છે.

GESIA એવોર્ડ માટે જ્યારે એમ બચતની પસંદગી શ્રેષ્ઠ ૪ નોમીનેશનમાં થઇ હતી અને જ્યુરી સામે જ્યારે એમ બચતની રજૂઆત કરવાની હતી ત્યારે ‘સેવા’ના ખેડા જિલ્લામાં આવેલ અંબાવ ગામના આગેવાન પ્રવિણાબહેન પટેલ જ્યુરી સામે એમ બચતનો પોતાના ટેબલેટ પર ઉપયોગ કરીને બતાવ્યું. તેમણે તેમની રજૂઆતમાં જણાવ્યું કે‘હું એક ખેતમજૂર બેન થઇ ટેબલેટનો ઉપયોગ કરતા શીખી અને મારો શક્તિ વિકાસ થયો. આજે હું આપના જેવા ભણેલા અને ટેકનોલૉજીના જાણકાર મહાનુભાવો સામે ટેકનોલૉજીનો ઉપયોગ અમારા જેવી ગરીબ બહેનો માટે કઇ રીતે થાય છે તેની રજૂઆત કરી શકુ છું. એમ બચતથી હું સભ્ય બહેનોની બચત ઓછા સમયમાં ઝડપથી અને સરળતાથી લઇ શકુ છું. અને આ બ્લ્યુટૂથ પ્રિન્ટરથી તેમણે આપેલ બચતની ગુજરાતીમાં છાપેલી પહોંચ પણ આપી શકુ છું. આજે ગામમાં બધાં મને ટેકનો બેંકર તરીકે ઓળખે છે.’ પ્રવિણાબહેને ઉમેર્યુ કે હું ૬૦ બચત મંડળ સંભાળું છું. દર મહિને અમારે ગામોમાં બચત લેવા જવાનું હોય ત્યારે પહેલા અમારે જિલ્લાની ઓફિસ જવું પડતું, ઓફિસમાંથી જે ગામમાં બચત લેવા જવાનું હોય તે ગામના બધા મંડળો અને સભ્યોની માહિતી લેવી પડતી. પછી ગામમાં જઇને મંડળના સભ્યોને મળી, તેમના મંડળના સભ્યોની બચત જમા લઇ બધા સભ્યોની પાસબુક અને નોટબુકમાં એન્ટ્રી કરવાની અને તેનું રજીસ્ટર રાખવાનું હોય છે. આ જ રીતે દરેક ગામમાં બધા મંડળો માટે કામગીરી કરવી પડતી અને જિલ્લાની ઓફિસમાં જઇ બધી માહિતી લઇ બચત સામે હિસાબ કરી જમા કરાવવા પડતા. ૧૦-૧૨ મંડળોની બચત લેવામાં ૩-૪ દિવસ લાગતા. એમ બચતમાં જોડાયા પછી, મારા ૬૦ મંડળોની માહિતી મારા ટેબલેટમાં આવી જાય છે, જેથી મારે મંડળોની માહિતી લેવા જીલ્લા ઓફિસમાં જવું પડતું નથી. હવે રજીસ્ટર કે નોટ લઇને જવાની જરૂર નથી, ફક્ત ટેબલેટ અને પ્રિન્ટરથી બચત અને તેના હિસાબો સરળતાથી થઇ જાય છે. એમ બચતની મદદથી એક જ દિવસમાં ૧૦-૧૨ મંડળોની બચત લેવાય જાય છે. એમ બચતમાં જોડાવાથી અમારી મહેનત, ખર્ચ અને સમયનો બચાવ થયો છે.’

આ એવોર્ડ માટે અમે શ્રી ઇલાબહેન અને શ્રી રીમાબહેનનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ કે તેમના સતત માર્ગદર્શન અને ટેકનોલૉજીને પ્રાધાન્ય આપી તેને સભ્ય બહેનો સુધી પહોંચાડવા તથા ટેકનોલોજીના ઉપયોગ માટેના સાથ સહકારથી આ શક્ય બન્યું છે.

- *ઋષિ*

❑

## *બહેનો દ્વારા શાંતિ અને અહિંસા – કાર્યશાળામાં ‘સેવા’ની બહેનો*

તારીખ ૧ ઓક્ટોબર થી ૪ ઓક્ટોબર ગાંધી રીસર્ચ ફાઉન્ડેશન, દ્વારા જલગાંવમાં બહેનો માટે એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગાંધી રીસર્ચ ફાઉન્ડેશન જલગાંવથી ૧૦ કિમી  દૂર છે. ખૂબ જ વિશાળ જગ્યા છે. ગુરુકૂળ, કસ્તૂરબા હોલ જ્યાં ખાદી કાંતવાનું કામ, વેચાણ, મ્યુઝિયમ અને ભોજનશાળા આ બધુ જ પહાડ પર જ હતું અને

વરસાદી વાતાવરણને લીધે લીલોતરી લાગતી તેથી ખૂબ સુંદર વાતાવરણ લાગતું હતું.

***બહેનો દ્વારા શાંતિ અને અહિંસાઃ આતરરાષ્ટ્રીય મીટિંગ***

જેમા નિવૃત્ત ન્યાયાધીશ શ્રી ચંદ્રશેખર ધર્માધિકારી, જેમણે ભૂદાન નેતાશ્રી વિનોબા ભાવે સાથે કામ કર્યું છે એવા ક્રિશ્નામ્મા જગન્નાથન, ૨૦ જેટલા દેશોમાંથી પોતાના દેશમાં શાંતિ અને અહિંસા માટે સતત કામ કરતી તેમજ દરેક રાજ્યોમાંથી ગ્રામીણ ક્ષેત્રે શાંતિ અને અહિંસા દ્વારા પોતાના કાર્યક્ષેત્રમાં કામ કરતી ૫૦ બહેનોની કેસ સ્ટડી લેવામાં આવી હતી.

આમંત્રણ આપીને બોલાવેલ બધી જ બહેનનોનું સન્માન કરવામાં આવ્યું. દરેક રાજ્યની બહેનોને પોતાના ગામની માટી લાવવા જણાવ્યું હતું. અને બહેનો લઇને પણ આવ્યા હતા. બધી માટી ભેગી કરીને એમાં એક શાંતિના વૃક્ષનું રોપણ સૌના હસ્તે કરાવવામાં આવ્યું હતું.

જે ગ્રામીણ બહેનોના સન્માન થયા એમાં આપણાં ‘સેવા’ના ભૂતપૂર્વ પ્રમુખ આણંદ જિલ્લાના ઘાનાગામના રમીલાબહેન રોહિત પણ એક હતા. રમીલાબહેને કઇ રીતે તેમના જીવનમાં અને જીવનશાળામાં કામ કરતા કરતા કેટકેટલી મુશ્કેલીઓ વેઠી અને એ મુશ્કેલીઓનો તેમણે શાંતિ અને અહિંસક રીતે સામનો સફળતાપૂર્વક કર્યો એ વાત એમની કેસસ્ટડીમાંથી નીકળતી હતી.

રમીલાબહેન કહે છે ‘‘ગાંધી રીસર્ચ ફાઉન્ડેશનમાં જઇને કાર્યશાળામાં મને ઘણું શીખવા મળ્યું. દરેક જગ્યાએ જ્યારે અમે ‘સેવા’માંથી આવ્યા એવો પરિચય આપીએ તો બધા સારી રીતે ખુશ થઇને સેવાના સમાચાર પૂછે. જૂદી જૂદી પેનલો જે ચર્ચા થતી હતી એમાં એક બાજુ દેશના બહેનો પોતાની પરિસ્થિતિ વિશે બોલે અને બીજી બાજુ રાજ્યોની બહેનો પોતાની પરિસ્થિતિ વિશે કહે બધી બહેનોએ ઘણો સંઘર્ષ વેઠયો છે ને એનું ભાષાંતર થતું હતું એટલે મને બધી ખબર પડતી હતી. ત્યાં હું જે માટી લઇ ગઇ હતી એવી બધી બહેનો પોતાના ગામની માટી લાવી હતી એ ભેગી કરીને એક ઝાડ અમે બધાએ રોપ્યું. સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થયો એમાં ગાંધીજી ‘મોહન’માંથી ‘મહાત્મા’ કઇ રીતે બન્યા એ નૃત્ય નાટિકા જોઇ. આ કાર્યશાળામાંથી મને ઘણું શીખવા મળ્યું જે હું મારા જીવનમાં ચોક્કસથી ઉપયોગમાં લઇશ.

મધ્યપ્રદેશ, કેરાલા, તમિલનાડુ, કર્ણાટક, બિહાર, ઓરિસ્સા, ઝારખંડ અને આસામની બહેનો એકતા પરિષદ સાથે રહીને જમીન માટે જ લડત કરી રહ્યા છે. એમાંના એક મધ્યપ્રદેશના બહેન જલગાંવ આવતા એમનું બહુમાન થવાનું છે એ વિચારથી એટલી બધી ઉત્તેજીત થઇ ગયા કે રસ્તામાં એ બહેનને હાર્ટએટેક આવી ગયો અને એમનું મૃત્યુ થઇ ગયું. જાહેરાત થઇ ત્યારે વાતાવરણ ખૂબ જ ગમગીન થઇ ગયું હતું.

અલગ અલગ પેનલોમાં પણ ચર્ચાઓ થઇ હતી તેમજ ૨૦૨૦માં જીનીવા જવાનું આયોજન વિચારાય છે તો એમાં પણ કઇ રીતે આગળ વધવું એની પણ ચર્ચા થઇ જે એક કમિટીમાં બેસી નક્કી થયે બધાને જાણ કરવામાં આવશે.

*-વર્ષા ભટ્ટ*

❑

***ભદ્રચોકમાં વેચનારાનો ગરબો...***

ભદ્રચોક વરસાદથી નાહીને સ્વચ્છ થયેલો પણ આકાશમાં કાળા ડિબાંગ વાદળો ઘેરાયેલાં વિજળી થતી’તી ને ભદ્રચોકમાં પણ લાલ-લીલી પીળી લાઇટો થતી હતી ને આપણી નગરલક્ષ્મીઓ ભદ્રચોકમાં મૂર્તિ વેચનાર, ચપ્પલ, ફૂલ, ઝાંઝરી, બોરિયા-બક્કલ અને ઇમીટેશન જ્વેલરી વેચનાર બહેનોના હૈયે હરખ નહોતો માતો.



તેઓ પણ ઝગમગાટ હતા અને પગમાં થનગનાટ હતો. ઉત્સાહથી ભરેલી આ વેચનાર બહેનો અમદાવાદ શહેરના મેયર આયોજીત ગરબા હરિફાઇની શરૂઆતનો ગરબો કરવા થનગનતાં હતાં અને માઇક પર બોલ બોલાયાં કે; ‘‘અમદાવાદ શહેરે પરંપરા જાળવીને આજે ફરી એક વખત ગયા વર્ષની જેમ શહેરની નગરલક્ષ્મીઓ પોતાના ચોકમાં ગરબો કરે છે તે માટે ‘સેવા’ વતી અમે સૌનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ અને સૌને આવકારીએ છીએ.

ભદ્રચોક એ અમદાવાદ શહેરનું હૃદય છે અને આ હૃદયને ધમધમતું રાખે છે અહીના વેચનારા...

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2015-17
Issued by S.S.P. Valid up to 31-12-2017.

Ahmedabad P.S.O.
22-10-2016

આ વેચનારા પેઢીઓથી ભદ્રચોકમાં વેચે છે. આ જ ચોકમાં વર્ષોથી પરંપરાગત ગરબા આવેચનાર બહેનો કરે છે...,

આજે આ ઐતિહાસિક ભદ્રચોકમાં આજની ગુજરાતના શહેરોની ગરબાની હરિફાઈમાં ભદ્રચોકના વેચનાર બહેનોના પહેલા ગરબાથી શુકન કરીએ... આ વેચનારા આપણી નગરલક્ષ્મીઓનો ગરબો આપણે જોઈએ''

બોલ છે...

''માકાળી ને કલ્યાણી રે મા...''

પચ્ચીસ આ વેચનારાઓ સ્ટેજ પર ગરબો શરૂ કર્યો.. એમણે તો સ્ટેજ પર ધમધમાટ મચાવી દીધો. રમઝટ બોલાવી દીધી.

તાલીઓનો ગડગડાટ.. અને આકાશમાં વાદળોનો ગડગડાટ..

સુંદર રીતે ગરબો કર્યો તેની ખુશી વેચનારાના ચહેરા પર છલકાતી હતી.

મેયરશ્રી તરફથી આ બહેનોને ૫૦૦૦ /-રૂ.નું પ્રોત્સાહન ઈનામ પણ મળ્યું...

આ જ તો છે આપણાં અમદાવાદ શહેરની ઐતિહાસિક પરંપરા...!

*- શાલીની, મંજુલા, સવિતા*

❑

**અનસૂયા**

- ૩૫માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

***દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે 'અનસૂયા' પ્રકટ થાય છે.***

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, sewaacdy@gmail.com

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI



Mkuðk rhMkuÃþLk MkuLxh
rx¤f çkkøk Mkk{u, ¼ÿ,
y{ËkðkË - 380 001